ક્રમાંકઃમકમ/વ-૩(૧)/ફા.નં.૫-૨૦૧૮/૨૦૧૯/૩૮-૬૫
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
ડો.જીવરાજમહેતાભવન,
બ્લોક.૧/ત્રીજેમાળ,ગાંધીનગર,
તાઃ-૧૦/૧૦/૨૦૧૯

વંચાણે લીધોઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧/૨૦૧૫ ૩૧૨૯૧૧/ગ-૧

(૨) આ કચેરીના તા.૧૦/૧/૨૦૧૯ના પરીપત્ર ક્રમાંકઃમકમ/વ-૩(૧)/૨૦૧૯/૮૬

પરીપત્રઃ-

વિષયઃ- સી.સી.સી.પરીક્ષા પાસ ન કરવા બાબત

આ કચેરીના સંચાલન હેઠળ આવેલ તમામ પ્રાદેશીક કચેરી, તેમજ ઔધોગિક તાલીમ સંસ્થાના વડાઓને જણાવવામાં આવે છે કે, ફીકસ પગારના કર્મચારીઓને કરારના સમયગાળા દરમ્યાન કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ ન કરી હોય તો તેઓને આપેલ શરતી નિયમિત પગાર ધોરણની નિમણુંકની તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહે છે. અને તો જ તેઓને નિયમિત નિમણુંક ની તારીખથી પ્રવરતા મેળવી શકશે. જો તેઓ આ સમયગાળામાં કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ ન કરી શકે તો તેમને તાત્કાલીક અસરથી છુટા કરવાના રહેશે. જયારે કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરે ત્યાર પ્રવરતાના હકકના રક્ષણ વિના સેવામાં પરત લેવામાં આવશે.

વધુમાં આ કચેરીના ધ્યાને આવેલ છે કે, ફીકસ પગારના કર્મચારીઓએ કરારના સમયગાળા દરમ્યાન કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ ન કરી હોય તો તેઓને આપેલ શરતી નિયમિત પગાર ધોરણની નિમણુંક તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહે છે. તેમ છતાં ઘણા કર્મચારીઓએ સી.સી.સી.ની પાસ કરેલ નથી. જેથી આવા કર્મચારીઓ સામે વંચાણે લીધેલ ક્રમ-૧ ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. જેઓએ કોમ્પ્યુટરની પરીક્ષા નિયત સમયમર્યાદામાં પાસ ન કરેલ હોય તો તાત્કાલીક આ કચેરીને જરૂરી દરખાસ્ત સાથે જાણ કરવા જણાવવામાં આવે છે.

તેમજ આ અંગે નિયત સમયામાર્યાદામાં અત્રે જાણ કરેલ નહી હોય તો તે બાબતની આનુસંગિક જવાબદારી સંબંધિત કચેરીના વડાની રહેશે.

મદદનીશ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

પ્રતિ,નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશીક કચેરી,અમદાવાદ,વડોદરા,,રાજકોટ,સુરત જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાનાઃ-

પ્રતિ, આચાર્યશ્રી, ઔધોગિક તાલીમ સંસ્થાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.